Volume 1, Issue 12

March

2024

# ટપક E-MAGAZINE

26 – ઓમનગર (3), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

## નિઃશુલ્ક કેન્સર ડીટેકશન કેમ્પના આયોજન બદલ રોટરી ક્લબ ઓફ અમરેલી ગીર દ્વારા આભાર વંદના પત્રથી સંસ્થાને સન્માનિત કરી.





CREATE HOPE in the WORLD

Rotary Amreli Gir

BREAST & CERVICAL Cancer Early Detection program

SCREENING WOMAN,SAVING LIVES

TEAM

Dt.24-12-2024

આભાર વંદના

" નિરંતરમ્ સત્કાર સેવિતમ્ "

નિઃશુલ્ક કેન્સર ડિટેકશન કેમ્પ

સન્માનીય શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર - અમરેલી

આપના દ્વારા 5 દિવસ ના કેન્સર ડિટેક્સન કેમ્પ - ખાંભા, ધોકડવા, ટિમ્બિ, ચિત્તલ અને લાઠી માં સહયોગ બદલ

ભગવાન નું સ્વરૂપ એટલુ તો વિરાટ છે કે એને કોઈ એક પંથ કે ધર્મમાં ન સમાવી શકાય. ભગવાનના ખોળામાં બેસી શકે એવો એક માત્ર ધર્મ છે "સેવાધર્મ", આપણા સંતો ગાઈ વગાડીને કહે છે કે જીવન એ પ્રભુનો પ્રસાદ છે અને પ્રસાદતો વહેંચવાનો હોય છે વહેંચાઈ ત્યારે આનંદ, સુખ, પ્રેમનો અનુભવ અને પછી તેનો ગુણાકાર થતો રહે એ જીવનની સાચી ધન્યતા.

રોટરી કલબ ઓફ અમરેલી ગીર સમાજનું સમાજને અર્પણ કરી સેવાનું કાર્ય કરી રહી છે.ત્યારે અમરેલી રોટરી ગીરનો સેવાનો એક ભાગ" નિઃશુલ્ક કેન્સર ડીટેકશન કેમ્પ " માં આપશ્રીની અથાક મહેનતથી બોહળી સંખ્યામાં મહિલાઓને ભાગ લેવડાવી પોતાની અને પોતાના પરિવારની આવતીકાલ સુરક્ષિત કરાવવા બદલ આપનો ખુબ ખુબ આભાર સાથે અમે પણ ધન્યતા અનુભવીએ છીએ.

રોટરી કલબ ઓફ અમરેલી ગીર એટલે સેવાનો પર્યાય, રોટરી ગીર સેવાની ભાવના ને સાર્થક કરતાં બાલ વાત્સલ્ય કેન્દ્ર, દર્દી નારાયણ સેવા, મેડીકલ સાધનોની સહાય તેમજ અત્યાધુનિક ઓડિયોલોજી એન્ડ સ્પિચ થેરાપી સેન્ટર જેવી કાયમી ધોરણે સેવાથી સમાજને હંમેશ મદદરૂપ થવા માટે રોટરી ગીર અમરેલી અગ્રેસર રહે છે.

અમારા આ ભગીરથ કાર્યમાં આપના સાથ સહકાર બદલ આભાર વ્યક્ત કરવો એ આધ્યાત્મિક આનંદ છે, આ પ્રસંગે આપના તરફથી મળેલ શુભેચ્છા સંદેશ, અભિવ્યક્ત થયેલી લાગણીઓ પરત્વે આપશ્રીનો ખુબ ખુબ આભાર...

" મારૂ 'હોવુ'એ જ તો શાશ્વત વિસ્મય ! એની ઓળખાણ એજ છે સાચું જીવન "

રોટે.ડો.મનિષભાઈ વાડોદર(પ્રમુખ) મો.૯૪૨૬૨ ૩૪૧૨૩

રોટે.સુરેશભાઈ ત્રિવેદી(સેક્રેટરી) મો.૯૪૨૭૨ ૪૪૩૦૬

રોટરી કલબ ઓફ અમરેલી ગીર

@Rotary club of Amreli Gir Subscribe | @Rotary club of Amreli Gir Like us on | @rcamreligir Follow on | @amreligir Follow us

## વિશ્વ મહિલા દીવસની ઉજવણી કાર્યક્ષેત્રના કેરીયા,ધોકડવા અને ટીંબી ગામોમાં કરવામાં આવી.





## તાલીમ અને શિક્ષણ

**૧ માર્ચ ૨૦૨૪ ના રોજ જ્વેલરી ક્લાસ કેરીયા અને સીવણ વર્ગ ચિત્તલના તાલીમાર્થી બહેનોને રાજકોટ રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત એકઝીબીશનની મુલાકાત કરાવવામાં આવી. કુલ ૩૫ બહેનો સહભાગી થયા.**







**૧૬મી માર્ચે જ્વેલરી ક્લાસના જીકીયાળી, ઈંગોરાળા, ટીંબી અને અમરેલીના તાલીમાર્થી બહેનોને દીવ અને વણાંકબારામાં જનશિક્ષણ સંસ્થામાં ચાલતા આ પ્રકારના કલાસોની મુલાકાત કરાવવામાં આવી. આ પ્રેરણા પ્રવાસમાં કુલ ૪૫ બહેનો જોડાઈ. ધોકડવા અને અમરેલી ખાતે બ્યુટી પાર્લર ક્લાસ પૂર્ણ કરવામાં આવ્યો.**






CICR નાગપુર ખાતે તા. ૨૧ અને ૨૨ માર્ચના રોજ કપાસમાં ઘનિષ્ટ પાક પધ્ધતિ અને રોગ નિયંત્રણ અંગે માસ્ટર ટ્રેનરની તાલીમ બેટર કોટન દ્વારા યોજાઈ. તા. ૨૩ માર્ચ ના રોજ પારડી (મહારાષ્ટ્ર) ખાતે ACF અને બેટર કોટન પ્રેરિત ખેડૂતને ત્યાં બાયો કંટ્રોલ યુનિટ (ટ્રાઈકોગ્રામા પ્રોડકશન)ની મુલાકાતનું આયોજન થયું. જેમાં સંસ્થા માંથી કૌશિક પંડ્યા હાજર રહ્યા હતા.





## ટીમના ક્ષમતાવર્ધન અને માસિક રીવ્યુ મીટીંગનું આયોજન તા. ૯ અને ૧૦ ના રોજ ફ્લેમિંગો રોસોર્ટ, નલિયા માંડવી ખાતે થયું.







**૧૯ અને ૨૦ માર્ચ ૨૦૨૪ના રોજ સંસ્થાના શિક્ષણ કાર્યક્રમ લેમ્પ અને સીએલએના ૭૨ બાળકોને માઈધારનો પ્રેરણા પ્રવાસ કરાવવામાં આવ્યો.**







## આરોગ્ય અને પર્યાવરણ

**તા. ૨૬ માર્ચના રોજ સરસ્વતી વિદ્યામંદિર ચિતલ ખાતે નેત્ર નિદાન કેમ્પનું આયોજન થયું, જેમાં સંસ્થાની ટીમ સહયોગી બની. ૧૦૮ લાભાર્થીઓ પૈકી ૩૯ લાભાર્થીઓને રાજકોટ ખાતે વધુ સારવાર અને ઓપેરેશન કરવામાં આવ્યા.**





## કૃષિ ઉત્પાદકતા અને આપતિજન્ય જોખમો

**કાર્યવિસ્તારમાં દરેક ગામોમાં ગામ દીઠ ૧ એમ કુલ ૧૩૩ બાયોચારના નિદર્શનો કરવામાં આવ્યા. દરેક નિદર્શન સ્થળે એલજીના ખેડૂતો હાજર રહ્યા હતા અને બાયોચાર નિદર્શનની પ્રક્રિયા શરૂઆત થી અંત સુધી નિહાળી હતી.**









**તા. ૨૦ અને ૨૧ માર્ચના રોજ KVK કોડીનાર ખાતે નેશનલ ફાર્મિંગ ટ્રેનીંગનું આયોજન થયું જેમાં PU મેનેજર અને FF હાજર રહ્યા હતા.**






**૨૧/૦૩/૨૦૨૪ ના રોજ ગાંગડા ગામે ખેડૂતને ત્યાં એડવાન્સ જીવામૃત ટ્યુબનું ઈસ્ટોલેશન કરવામાં આવ્યું. વડોદરા જીલ્લાના કંડારી, રુવાદ અને મંડાળા ગામે પણ જીવામૃત ટ્યુબનું ઈસ્ટોલેશન કરવામાં આવ્યું.**





**૫ મી માર્ચ ના રોજ KVK અમરેલી અને બાગાયત વિભાગના સહયોગથી અર્બન હોર્ટીકલ્ચર તાલીમનું લાઠી ખાતે આયોજન થયું. જેમાં ૩૮ બહેનો સહભાગી બની.**




**૨૧ માર્ચ વિશ્વ ચકલી દિવસની ઉજવણી કાર્યક્ષેત્રના વિવિધ ગામોમાં કરવામાં આવી, જેમાં ચકલીના માળા કુંડા વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું.**




## આ ઉપરાંત કાર્યક્ષેત્રમાં કોટન કનેક્ટ દ્વારા FFB અને RIR ડેટા ક્રોસ ચેક માટે મુલાકાત, મજૂરોની તાલીમ, શાળા કાર્યક્રમોમાં બાળ મજુરી અંગે જાગૃતિ જેવા કાર્યક્રમો થયા.












સુલતાનપુર ગામે GPDP માં થયેલ કામની ચર્ચા અંગે તા. ૧૬ માર્ચના રોજ એક મીટીંગનું આયોજન થયું. જેમાં ૯૯ % કામગીરી ગ્રામ કક્ષાએ પૂર્ણ થયેલ છે અને બાકી કામગીરી પ્રગતિમાં છે. લુવારી ગામે GPDP મીટીંગનું આયોજન કરવામાં આવ્યું.



તા. ૬ અને ૭ માર્ચના રોજ કોટન કનેકટની કન્સલ્ટીંગ ફર્મ deloitte કંપનીના બે મિત્રો સંસ્થાના કાર્યક્રમને સમજવા મુલાકાતે આવ્યા હતા.



ટપક E-MAGAZINE
Volume 1, Issue 12
March 2024

## સેફ હાર્વેસ્ટીંગ, ચોખ્ખી વીણી અને સોઇલ ટેસ્ટીંગના ફાયદા જેવી બાબતોની જાગૃતિ માટે વડોદરા જીલ્લાના ૫ ગામોમાં માસ અવેરનેસ કેમ્પેઈનનું આયોજન થયું.




**પાણી સંરક્ષણ અંતર્ગત વિવિધ પ્રવૃતિઓનું આયોજન ગોંડલ કાર્ય વિસ્તારમાં ટીમ દ્વારા થયું. જેમાં પીવાના પાણીની કામગીરી ૫ ગામોમાં પૂર્ણ કરવામાં આવી (કુલ ૨૯૦ ઘરને લાભ મળ્યો), ચેકડેમ માટેના સર્વેની કામગીરી, જુના રાજપીપળા ગામે ખેતર બંધ પાળા, ૫૧ ફાર્મ આઉટલેટની કામગીરી, ૪ ખેડૂતો સાથે વરસાદી પાણીની પાઈપ લાઈનનું નિદર્શન, હડમતાળા, દેરડી અને થોરડીમાં પાક અને પાણી બજેટની તાલીમ, કેશવાળા અને નાના સખપર ગામ ખાતે તળાવ ઊંડું કરવાની કામગીરી તેમજ દેરડી ગામમાં સંશાધન નકશા બનાવવાની તાલીમ આ મહીને પૂર્ણ કરવામાં આવી.**









ટપક E-MAGAZINE
Volume 1, Issue 12
March 2024

## તા. ૨૩ માર્ચના રોજ હીટ વેવ થી બચવા જરૂરી પગલાઓ માટે ઓનલાઈન સ્ટાફ તાલીમનું આયોજન થયું.







## ખેડૂત સંગઠન અને તેમની નોંધણી અંગેની પ્રક્રિયા બાબતે દેરડી ગામમાં ૯૨ ખેડૂતો સાથે એક તાલીમનું આયોજન થયું.



## ફાર્મિંગ કોમ્યુનીટી ફોન સર્વે અંતર્ગત વાંકિયા, ચિતલ ગામે ૧૩/૦૩/૨૦૨૪ ના રોજ FGD કરવામાં આવી.



## ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકામાં ૬ પ્રાણી આરોગ્ય કેમ્પનું આયોજન થયું સાથે સાથે ૩ ગામોમાં ઉતમ ડેરી પ્રક્રિયાઓ માટે અને એસએસએસ માહિતી માટે બાયફના સહયોગથી કામગીરી થઇ. ખરેડા ગામની મહિલાઓએ નર્સરી બનાવવાની પ્રક્રિયા અંગે તાલીમ મેળવી.















## તા.૨૬ માર્ચના રોજ એલજી લીડર વર્કશોપનું આયોજન અમરેલી મુખ્ય કાર્યાલય ખાતે થયું.



Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified, Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org